Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# મજૂર પ્રવૃત્તિઓ અને મહાત્મા ગાંધી: ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં

ડૉ.રમેશકુમાર આર.પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર, એમ.એમ.ચૌધરી આર્ટ્સ કોલેજ રાજેંદ્રનગર, ઈતિહાસ વિભાગ
મો.૯૯૨૫૩૧૧૨૦૭, Email :rameshrpatel1978@gmail.com

ભારતીય સ્વતંત્રત્તા સંગ્રામમાં જેમનું વિશેષ યોગદાન રહેલું છે તેવા ગાંધીજીનો જન્મ 2 ઓક્ટોબર, 1869ના રોજ પોરબંદરમાં થયો હતો. તેમના પિતાનું નામ કરમચંદ અને માતાનું નામ પૂતળીબાઈ હતું. માતા-પિતાના ઉમદા ગુણોની ગાંધીજીના મન ઉપર ઊંડી છાપ હતી. મેટ્રિક સુધીનો અભ્યાસ કરી તેઓ વધુ અભ્યાસ માટે ઇંગ્લેન્ડ ગયા ત્યાં એમણે કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરી બેરિસ્ટરની પદવી પ્રાપ્ત કરી. 1891માં પોરબંદર આવ્યા અને ત્યારબાદ પોરબંદરના અબ્દુલ શેઠની પેઢીના સલાહકાર તરીકે 1893 માં દક્ષિણ આફ્રિકા ગયા. ત્યાં 22 વર્ષ રહ્યા. ડરબન કોર્ટ જોવા ગયા ત્યાં ન્યાયાધીશે પાઘડી ઉતારવા હુકમ કર્યો. ગાંધીજીએ કોર્ટ છોડી, પણ પાઘડી નઉતારી, સ્વમાન જાળવ્યું. તેમનું આ વર્તન ત્યાં વસતા ભારતીયોને ગમ્યું. અબ્દુલ શેઠના કેસ અંગે તેમને પ્રિટોરિયા જવાનું થતાં, પ્રથમ વર્ગની ટિકિટ લઇ રેલ્વેમાં બેઠા, રસ્તામાં તેમને રેલવેના ગાર્ડે રોક્યા. બીજા વર્ગના ડબ્બામાં જવા કહ્યું, ગાંધીજી માન્યા નહિ એટલે અપમાન કરી તેમનો સામાન ફેંકી દઈ ઉતારી મૂક્યા. આખી રાત સ્ટેશન ઉપર મનોમંથનમાં પસાર કરી. પછી નિર્ણય કર્યો કે ભારતીયોના હક માટે લડવું. તેઓ દક્ષિણ આફ્રિકામાં રોકાયા, ગિરમીટિયાનો કેસ લડી ગિરમીટિયા પ્રથામાંથી મુક્તિ અપાવી. તેથી તેઓ હજારો ભારતીયોના પ્રિય બન્યા. ગાંધીજીએ “દક્ષિણ આફ્રિકા મહાસભા” ની સ્થાપના કરી હતી. હજારો ભારતીયો તેના સભ્યો બન્યા. પોતાને થતાં અન્યાય સામે સત્ય અને અહિંસાથી લડવાની અનોખી પદ્ધતિ તેમણે શોધી હતી. ગાંધીજીએ તેને “સત્યાગ્રહ” નામ આપ્યું.

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીની આગેવાની હેઠળ લડત ચાલી. ભારતીયોએ અપાર કષ્ટો વેઠ્યાં, પણ ક્યાંય હિંસા ન આચરી. આ લડત 20 વર્ષ ચાલી. અંતે ત્યાંની સરકારે ગાંધીજીની વાત સ્વીકારી અને હિન્દીઓને સામે ઘડેલા અન્યાય કાયદાઓ રદ્દ કર્યા. દક્ષિણ આફ્રિકાથી ઈ.સ. 1915 માં ગાંધીજીનું ભારતમાં સ્વાગમન થયું. ત્યાં મુંબઈ બંદરે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ગુજરાતની પ્રજામાં રાષ્ટ્રીયતાની ભાવના વિકસિત થઇ રહી હતી. એ દરમિયાન ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પાછા ફર્યા અને સ્વદેશા ભ્રમણ કરી દેશની સાચી રાજકીય, સામાજિક તથા આર્થિક પરિસ્થિતિની જાણકારી મેળવી. વિરમગામની જકાતબારીની પ્રજાની હાડમારી અંગે ગાંધીજીએ કરેલ રજૂઆતના પરિણામે સરકારે જકાત રદ્દ કરવાનો નિર્ણય લીધો. આ પછી ગાંધીજીએ ચંપારણ અને ખેડા સત્યાગ્રહનું સફળતાપૂર્વક સંચાલન કર્યું

હતું. પરિણામે પ્રજામાં નવી ચેતના અને આત્મવિશ્વાસનો સંચાર થયો.

મિલ – માલિક – મજૂર સત્યાગ્રહ :-

1918માં ગાંધીજીએ જ્યારે અમદાવાદના મિલમજૂરોનું આંદોલન ઉપાડ્યું ત્યારે વૈશ્વિક દ્રષ્ટિએ પ્રથમ વિશ્વયુદ્ધ (1914 -18) તેના અંતિમ ચરણમાં હતું. વળી 1917માં રશિયામાં થયેલી સામ્યવાદી ક્રાંતિએ વિ. ગીરી તથા એસ. એ. ડાંગે તેમજ એમ.એન. રોય જેવા તે સમયના સામ્યવાદી બૌદ્ધિકોમાં નવી આશાઓ જન્માવી હતી. યુદ્ધ દરમ્યાન એક તરફ અનાજ અને અન્ય ચીજોના ભાવ વધતા ગયા તો બીજી તરફ મજૂરીના દર સ્થિર બની ગયા. આ સમયે અમદાવાદના મિલમાલિકો ધૂમ નફો પ્રાપ્ત કરતાં હતાં. આવી પરિસ્થિતિમાં જ્યારે મજૂરોના બોનસની સમસ્યાઓ ઊભી થઇ ત્યારે અમદાવાદના મિલમાલિકોએ મજૂરોની માંગણી ઠુકરાવી નાખી. ગાંધીજી, વ્યાપારીઓ અને મિલમાલિકોના વિરોધી ના હતાં. આમ છતાંએ તેમણે જોયું કે મજૂરોને ભારે અન્યાય થઇ રહ્યો છે. આમ નૈતિક મુલ્યોને આધારે ગાંધીજીએ મિલમજૂરોની અભુતપૂર્વક હડતાલ પડાવી.

ઉપર દર્શાવ્યું છે તે મુજબ 1918ના ફેબ્રુઆરી માસમાં મિલમજૂરોની રોજીનો સવાલ ઊભો થયો. 1917માં અમદાવાદમાં પ્લેગ ફાટેલો અને મોંઘવારી પણ ઘણી જ વધી ગઈ હતી. તેથી મિલમાલિકોએ કાયદારોને કામે રાખવાને જૂની રોજીમાં 70% નો વધારો કરી આપેલો. હવે પ્લેગ ગયો પણ મોંઘવારી તો રહીજ . આમ છતાં માત્ર 20% જેટલો રોજીનો વધારો મનસ્વી રીતે કરી દીધો. આવા સંજોગોમાં જ્યારે મજૂરોમાં અસંતોષ ફેલાયો ત્યારે અંબાલાલ સારાભાઇ અને મંગળદાસ ગિરધરદાસ જેવા મિલમાલિકો ગાંધીજીને મદદ કરતા હોવા છતાં તેમણે મજૂરોનો પક્ષ લીધો. ગાંધીજીનું નેતૃત્વ કેવા પ્રકારનું હતું તેનું ઉદાહરણ તા – 8 – 2- 1918 ના રોજ તેમણે અમદાવાદના મિલમજૂરોની સભામાં આપેલા ભાષણ ઉપરથી સિદ્ધ થાય છે. ગાંધીજીએ મજૂરોને સંબોધીને કહ્યું, :

“તમારે તમારી મુશ્કેલીઓ માટે મિલમાલિકોને એક કાગળ લખવો. બંને પક્ષ વચ્ચે ખટાશ ન થવી જોઈએ. 50% અને 60 % નો વધારો આપણે એકદમ માંગી શકીએ નહિ. આપણે તેમને દ્રઢતાથી વિનંતી કરીશું. તેમ છતાં તેઓ નહિ માને તો બંને પક્ષના પાંચ- પાંચ માણસો નીમી તેનો નિર્ણય સ્વીકારીશું અને એ પંચનો નિર્ણય બંને પક્ષવાળાઓએ સ્વીકારવો જોઈએ. આપણી વાજબી માંગણીઓ ઉપર તેઓ જરૂર વિચાર કરશે. તેઓ પણ હિન્દી છે અને આપણે પણ હિન્દી છીએ, એટલે નિરાશા લાવવાની જરૂર નથી. તમે ન્યાયનો રસ્તો સ્વીકારીને અને કલહ વિના કામ લેજો. જેથી તમારો પક્ષ વધારે મજબુત બનશે. બહેન અનસૂયા તો તમારા માટે જ જન્મ્યા છે. વધુ માંગણીથી તમને જે વધારે પૈસા મળે તે વડે તમારે સ્વચ્છ રહેતા શીખવું, વ્યસનોથી દૂર રહેવું અને તમારા છોકરાને કેળવવા, નિર્ણય બનીને તમારા વાજબી હક્કો તમારા માલિકો સમક્ષ રજૂ કરજો. હું આ કાર્યમાં તમારી બનતી સેવા કરવા ઈચ્છું છું.”

અનસૂયા બહેન, સારાભાઇ કેલિકો મિલના માલિક અંબાલાલ સારાભાઈના બહેન (વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક ડૉ. વિક્રમસારાભાઈના ફોઈ) થતાં હતાં. તેઓ ગર્ભશ્રીમંત હતાં. 1908માં તેઓ ઇંગ્લેન્ડ ગયા હતા. અને તેમના સહવાસ દરમિયાન તેઓ જ્યોર્જ બર્નાડ શો જેવા વિશ્વવિખ્યાત સાહિત્યકારને મળ્યાં હતા અને સિડની અને બેટ્રાઇસવેલ જેવા "ફેબિયન સોસિયાલિસ્ટો" ને પણ મળ્યાં હતાં. આમ તેઓ ઉદ્દામવાદી વિચારસરણી લઈને સ્વદેશ પાછાં ફર્યા હતા. અને ગાંધીજીના આગમન પહેલાં તેમણે મજૂર પ્રવૃત્તિ શરૂ કરી દીધી હતી. આમ, મજૂરોની હડતાલ દરમિયાન ભાઈ અને બહેન વિરોધ પક્ષે હતા. ભાઈ મીલ્માલીકને પક્ષે અને બહેન ગાંધીજી કોંગેસ અને મજૂર પક્ષે. ગાંધીજી અને અનસૂયાબેનની પડખે ઈન્દુલાલ યાજ્ઞિક અને શંકરલાલ બેંકરે જેવા યુવાન નેતાઓ હતા.

મિલમજૂરોના આંદોલન, ખેડા સત્યાગ્રહ ગાંધીજીની વ્યક્તિગત તપસ્યાના પરિણામ સ્વરૂપ હતા. કોડિયાના દીવાની એક જ્યોત બીજા અનેક દીવાઓને જલાવે તેવી રીતે કોંગ્રેસના સેંકડો નેતાઓના હૃદયની જ્યોત જલી અને તેમાંથી એક નવો જ પ્રકાશ પ્રગટ્યો. પરંતુ ગાંધીજીએ 1920-22માં જે રીતે અસહકારનું આંદોલન જગાવ્યું તે તો વિશ્વની તવારીખનું ઐતિહાસિક પૃષ્ઠ બની ગયું. આપણે કહી શકીએ કે અસહકારના આંદોલન દરમિયાન અને ત્યારબાદ કોંગ્રેસનો અને દેશનો સાચા અર્થમાં કાયાકલ્પ થયો.

સંદર્ભ સૂચિ :-


૧. આર. કે ધારૈયા, આધુનિક ભારતનો ઈતિહાસ, 1973.

2.ધર્મિષ્ઠા મોદી, સવિનય કાનૂન ભંગની લડતમાં દક્ષિણ અને મધ્ય ગુજરાતની સત્રોનું પ્રદાન,2004.

3.એ.આર.દેસાઈ, ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક ભૂમિકા અમદાવાદ, 1973.

4. હિન્દી રાષ્ટ્રીય મહાસભા અને રાષ્ટ્રીય ચારિત્ર્ય ઘડતર, અમદાવાદ.

5. પરીખ નરેશભાઈ,આધુનિક ભારતનો ઈતિહાસ, ગર્ગ પબ્લિકેશનન્સ અમદાવાદ.2005.

6.પટેલ મંગુભાઈ આર.ભારતના સ્વતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયા,2003.